# જૈન તીર્થંકરો


- ડૉ. જાગૃતિ નલિન ધીવાલા

M.A, M.Phil, Ph.D (Jainism)




# તીર્થંકરની વ્યાખ્યા

અર્હંત, અરીહંત, જિન, જિનેશ્વર એ સર્વ તીર્થંકરનાં પર્યાયવાચી શબ્દો છે.

તિર્થંકર શબ્દનો અર્થ છે જેઓ -

- જે સંસાર સમુદ્રથી પાર ઉતારવામાં મદદ કરે છે, જેઓ મોક્ષનો માર્ગ બતાવે છે.
- જેઓ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ધર્મ તીર્થની સ્થાપના કરે છે. આધ્યાત્મિક ગુરુ છે.
- તીર્થ એટલે પ્રવચન (ઉપદેશ) અને તીર્થંકર એટલે પ્રવચનકાર (ઉપદેશ આપનાર).
- જેમની વાણીને ગણધર ભગવંતો સૂત્ર દ્વારા ગૂંથીને ૧૨ અંગની રચના કરે છે.
- તે તિર્થંકર ભગવંતો ---
- જેઓને અનંત જ્ઞાન છે, અનંત દર્શન છે, અનંત ચારિત્ર છે, અનંત તપ છે, અનંત ધૈર્ય છે, અનંત વીર્ય છે. સર્વ તિર્થંકર પરમાત્મા જેઓ -
- ૩૪ અતિશયથી સહીત, ૩૫ પ્રકારનાં સત્ય વચન-વાણીનાં ગુણે કરી સહિત હોય છે.
- એક હજાર અષ્ટ ઉત્તમ લક્ષણોથી તેમજ ૧૨ ગુણે કરી સહિત હોય છે.
- ચાર ઘનઘાતી કર્મો ક્ષય કર્યા છે. બાકીનાં ચાર કર્મો પાતળા પાડ્યા છે, મુક્તિ જવાના કામી થકા વિચરણ કરી રહ્યા છે, એવા એવા અનંત ગુણોથી યુક્ત તિર્થંકર ભગવંતો સર્વ જીવોને ધર્મનો માર્ગ, મોક્ષનો માર્ગ બતાવે છે.

# તીર્થંકર કેવળી અને સામાન્ય કેવળી વચ્ચે સમાનતા

તિર્થંકર કેવળી તે છે, જે સ્વયં બુદ્ધ હોય છે, પોતે મુક્તિ પામે છે અને બીજાને સંસાર સમુદ્ર પાર કરવા મુક્તિનો માર્ગ બતાવે છે. તેમના કોઈ ગુરૂ હોતા નથી. અને સામાન્ય કેવળીને સંસારમાં કોઈ નિમિત્ત મળતાં વૈરાગ્યની ભાવનામાં લીન બની ધ્યાનની શુદ્ધ ધારાની ચરમ સીમાએ કેવળ જ્ઞાન-દર્શનને પ્રાપ્ત કરી પોતાની મુક્તિ માટે વિચરે છે, તેમના ગુરૂ હોય છે.

- તીર્થંકર અને સામાન્ય કેવળી બંને પદનાં ભગવંતો સર્વજ્ઞ હોય છે, અપ્રતિહત સર્વ શ્રેષ્ઠ કેવળજ્ઞાન અને કેવળદર્શનનાં ધારક હોય છે.
- સર્વજ્ઞ = સંપૂર્ણ, પરિપૂર્ણ જ્ઞાન. જેમને સર્વ દ્રવ્યો, તેની સમસ્ત પર્યાયોનું ત્રિકાળવર્તી જ્ઞાન હોય છે આ પ્રમાણે બંને સર્વજ્ઞ હોય છે.

- બંને પદનાં ભગવંતોને જયારે ૧૨મા ગુણસ્થાને મુખ્ય મોહનીય કર્મનો સર્વથા ક્ષય થાય છે, ત્યારે બાકીના 3 ઘાતી કર્મો – જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય કર્મ પણ નાશ પામે છે, આત્મા નિર્મળ કેવળજ્ઞાન, કેવળદર્શનને પામે છે. અને આયુષ્ય કર્મ પૂર્ણ થતાં સિદ્ધ પદને પામે છે.
- તીર્થંકર કેવળી અને સામાન્ય કેવળી બંનેનાં જ્ઞાનની માત્રા અને ગુણવત્તા સરખી જ હોય છે.
- બધા તીર્થંકર ભગવંતો સર્વજ્ઞ / કેવળી હોય છે
- પરંતુ બધા કેવળી ભગવંતો તીર્થંકર નથી હોતા.
- જેઓએ તીર્થંકર નામ કર્મ નિકાચિત કર્યું હોય તેઓ તીર્થંકર નામ કર્મનાં ઉદયથી તીર્થંકર-પદ પામે છે.
- બંને તે જ ભવમાં નિર્વાણ / મોક્ષ / સિદ્ધપદને પામે છે.

# તિર્થંકર અને સામાન્ય કેવળી વચ્ચે તફાવત

| તિર્થંકર કેવળી | સામાન્ય કેવળી |
|---|---|
| ૧) તિર્થંકર નામકર્મનાં ઉદયથી અને ચાર ઘાતી કર્મનાં ક્ષયથી તિર્થંકર પ્રભુ કહેવાય છે. | ૧) કેવળીપદ ચાર ઘાતી કર્મનાં ક્ષયથી પ્રાપ્ત થાય છે. |
| ૨)સમકિત સહિત, મતિ– શ્રુત – અવધિ જ્ઞાન સાથે જન્મ અને દિક્ષા લેતા મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિ. | ૨) સામાન્ય કેવળીમાં એવું હોતું નથી. |
| ૩) તિર્થંકર ૩૪ અતિશય અને ૩૫ વચનાતિશય થી સહિત હોય છે. | ૩) સામાન્ય કેવળીમાં આવા પ્રકારનાં અતિશયો હોતા નથી. |
| ૪) તિર્થંકર ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. | ૪) સામાન્ય કેવળી નથી કરતાં. |
| ૫) તિર્થંકરને ગણધર વગેરે શિષ્યો હોય છે. | ૫) સામાન્ય કેવલીને શિષ્યો નથી હોતા. |
| ૬) તિર્થંકરનાં જીવનમાં પાંચ કલ્યાણક હોય છે. | ૬) જે સામાન્ય કેવળીમાં નથી હોતા. |
| ૭) બે તિર્થંકર ભગવંતોનો કદી મિલાપ થતો નથી | ૭) સામાન્ય કેવલીને એક - બીજા સાથે મિલાપ શક્ય છે. |
| ૮) તિર્થંકર કેવલી સમુદ્ ઘાત નથી કરતાં. | ૮) સામાન્ય કેવળી કદાચ કેવળી સમુદ્ ઘાત કરે. |
| ૯) તિર્થંકર અંતિમ ભવમાં સ્વયંબુદ્ધ – સિદ્ધ થાય | ૯) તેવું હોવું જરૂરી નથી. |

# (૨) તીર્થંકર ભગવંતોનાં સામાન્ય ગુણ

**૧ નવકાર મંત્રમાં પ્રથમ સ્થાન :**

તિર્થંકર કે અરિહંત નવકાર મહામંત્રમાં પ્રથમ સ્થાને છે. સિદ્ધ ભગવંતોની પણ પહેલા, કારણકે અરીહંતો કેવળજ્ઞાનની પ્રાપ્તિ બાદ મનુષ્યોને પ્રત્યક્ષ ઉપદેશ આપે છે. અને યથાર્થ બોધિ તત્વોનો, સંવરનો, કર્મ નિર્જરાનો, મોક્ષનો માર્ગ દેખાડે છે.

**૨. સંખ્યા :**

સંખ્યાની દ્રષ્ટિએ મહાવિદેહ ક્ષેત્રમાં કોઈપણ સમયે જઘન્ય ૨૦ અને ઉત્કૃષ્ટ ૧૬૦, ૧૭૦ (૫ ભરત + ૫ ઐરવતની અપેક્ષાએ). અને ભરત, ઐરવત ક્ષેત્રમાં દરેક અવસર્પિણી – ઉત્સર્પિણી કાળ એમ અર્ધચક્ર કાળમાં ૨૪ – ૨૪ તીર્થંકરો થાય છે. એવી અનંત ચોવીસી થઇ ગઈ અને અનંત ચોવીસી થશે.

# (3) તીર્થંકર ભગવંતોનાં કલ્યાણક

તિર્થંકર પ્રભુનાં જીવનની મહત્વની ઘટનાઓને કલ્યાણક કહેવાય છે. જે પાંચ કલ્યાણક હોય છે. તે -

(૧) ચ્યવન કલ્યાણક : જયારે તિર્થંકરનો આત્મા પૂર્વની ગતિમાંથી ચ્યવીને માતાનાં ગર્ભમાં પધારે છે. તેને ચ્યવન કલ્યાણક કહેવાય છે.

(૨) જન્મ કલ્યાણક : માતાનાં ગર્ભાધાનનો પૂર્ણ સમય થતા તિર્થંકરનો જન્મ થાય.

(3) દિક્ષા કલ્યાણક : પ્રભુની દિક્ષાનો સમય આવતાં સામાન્ય પ્રજાને વરસીદાનનો ધોધ વહેવડાવી સંસારનો ત્યાગ કરી "નમો સિદ્ધાણ" કહેતાં સંયમ અંગીકાર કરે છે.

(૪) કેવલજ્ઞાન કલ્યાણક : ઉત્કૃષ્ટ સાધનાની પરાકાષ્ટાએ તિર્થંકર ચારે ઘાતી કર્મોનો નાશ કરી કેવલજ્ઞાનને પામે છે.

(૫) નિર્વાણ કલ્યાણક : પ્રભુનું આયુષ્ય કર્મ પૂર્ણ થતા બાકીનાં નામ, ગોત્ર અને શાતા વેદનીયરૂપ અઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય થાય છે અને પરમાત્મા શાશ્વત આત્મિક સુખને પ્રાપ્ત કરે છે, નિર્વાણ / મોક્ષ પદને પ્રાપ્ત કરે છે.

## (૪) તિર્થંકરનાં ચ્યવન સમયે તે પુણ્યશાળી માતાને આવતાં સ્વપ્ના

તિર્થંકરની માતાને બધા મળીને ૭૨ શુકનવંતા સ્વપ્નો દેખાય છે, જેમાંથી ૧૪ / ૧૬ ઘણાં જ શુભ અને શુકનવંતા હોય છે અને ઘણાં જ સ્પષ્ટ દેખાય છે.

| ૧૪ / ૧૬ સ્વપ્ન | સ્વપ્નનો અર્થ | ૧૪ / ૧૬ સ્વપ્ન | સ્વપ્નનો અર્થ |
|---|---|---|---|
| (૧) સફેદ હાથી | આધ્યાત્મિક માર્ગદર્શક | (૯) અમૃત કુંભ | શુદ્ધતા, નિર્મળતા |
| (૨) સફેદ વૃષભ | આધ્યાત્મિક ગુરૂ | (૧૦) પદ્મ સરોવર | દુન્યવી આનંદથી નિર્વેદ |
| (3) લાલ સિંહ | શક્તિ અને નિર્ભયતા | (૧૧) ક્ષીર સાગર | સંસાર સમુદ્ર પાર કરનાર |
| (૪) લક્ષ્મી દેવી | ઐશ્વર્ય | (૧૨) દેવ વિમાન | દેવ-દેવીઓનાં રાજા |
| (૫)ફૂલની માળા | વિશ્વમાં અહિંસાની મહેક | (૧૩) રત્નનો રાશિ | રત્નત્રયીનાં ધારક |
| (૬) પૂર્ણ ચંદ્ર | અંધકાર દુર કરનાર | (૧૪) નિર્ધૂમ અગ્નિ | આખા વિશ્વમાં જ્ઞાનનો પ્રકાશ |
| (૭) ઉગતો સૂર્ય | જ્ઞાનરૂપી પ્રકાશ | (૧૫) સિંહાસન | લોકમાં રાજ્ય કરનાર (દિગંબર) |
| (૮) સુશોભિત ધ્વજા | ગુરુત્વ, નેતા | (૧૬) મીન યુગલ | મુક્તિ પદ (દિગંબર) |

(૫) <u>તીર્થંકરનાં લાંછન</u> : પ્રાણી કે વનસ્પતિ જગતનાં થોડા ચિહ્નો / લક્ષણો દરેક તીર્થંકર સાથે જોડાયેલા છે. આ ચિહ્નો તેમના વિશિષ્ટ ગુણ દર્શાવે છે. તેમાં સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત જે પારંપરિક શુભ ચિહ્નો હોય છે. દરેક તીર્થંકરને તેમના જમણા સાથળ ઉપર આ પ્રકારનાં લાંછન / ચિહ્ન હોય છે.

(૬) <u>જ્ઞાન</u> : તિર્થંકર જયારે માતાનાં ગર્ભમાં પધારે ત્યારે તેઓને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે, જે સમયે સંસારનો ત્યાગ કરી દિક્ષા ગ્રહણ કરે ત્યારે ચોથા મનઃપર્યવ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, અને સાધનાની ચરમ સીમાએ ચારે ઘાતી કર્મોનાં ક્ષય સાથે પરિપૂર્ણ એવા કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

(૭) <u>સ્વયં બુદ્ધ</u> : પહેલેથી જ જ્ઞાની હોવાથી તેમના કોઈ ગુરૂ હોતા નથી.

(૮) <u>શરીર</u> : પરમાત્માનું શરીર પરમ ઔદારિક, સ્ફટિકમય પુદ્ગલોનું બનેલું તેમજ સર્વાંગ સુદર અને ચારે બાજુથી સપ્રમાણ / સમચતુરંસ્ત્ર હોય છે.

(૯) <u>૧૨ ગુણ</u> : ૪ અતિશય = ૧) જ્ઞાનાતિશય, ૨) વચનાતિશય, 3) પૂજાતિશય ૪) અપયાગમાતિશય. અને ૮ પ્રતિહાર્ય = ૧) અશોક વૃક્ષ, ૨) પુષ્પવૃષ્ટિ, 3) દિવ્યધ્વનિ, ૪) ચામર, ૫) સ્ફટિક સિંહાસન, ૬) આભામંડળ, ૭) દેવ દુંદુભી ૮) છત્ર.

આ પ્રમાણે તિર્થંકરોનું સ્વરૂપ, તેમનું જીવન,તેમની સાધના, તેમનાં ગુણો અદ્વિતીય, અનુપમ હોય છે.




# આભાર !